સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખેલે છે કોઇ દાવ દિલ્હીથી, ચક્કરડું ભમે છે,
દોડાવે ઉંટ અઢી પગલાં, શેતરંજ રમે છે,
ઘમઘમે બંગલો કેશુભાઇના નિવેદનથી -
નાળિયેર થાવ તમે, એ અસંતુષ્ટોને ગમે છે..
(વર્ષો પછી કારોબારીમાં નિમંત્રણ!!)

'હીરોગીરી'ના
નશામાં, - શાહરૂખ -
લે છે ઉપાડો..
(IPL માં હાથાપાઇ)

ભલભલા ને -
બનાવી દીધા કવિ, -
દાબમાં રાખી..
(કડપ-સીમ-અસીમ)

ચિંતન

આત્મોદયઃ પરગ્લાનિર્દ્વયં નીતિરિયતી ।
તદ્દૂરી કૃત્ય કૃતિભિર્વાચસ્પત્યં પ્રતાયતે ॥

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છે :-

'રાજનીતિમાં એક મુખ્ય વાત એટલી જ ધ્યાનમાં રાખવા જેવી છે કે (વક્તા-નિવેદન કરનારા) પોતાના રાજાનો ઉદય કેવી રીતે થાય અને પારકા પક્ષનો (શત્રુઓ) ને ગ્લાનિ કેવી રીતે થાય! આ બે બાબતને ધ્યાનમાં રાખી ને જ રાજસેવકો, પ્રધાનશ્રીઓ પોતાના નિવેદન કરે તો તેમની વાણી વાચસ્પતિની જેમ વખાણવા લાયક બની રહે છે.'

આજકાલ લગભગ તો પ્રધાનશ્રીઓ કે સચિવશ્રીના હાથમાં માઇક આવતું નથી. પણ જો સંજોગવસાત્ 'મુખ્ય' વક્તાશ્રી મોડા પડે કે હાજર ન રહી શક્યા હોય તો બોલવાની તક મળે, અને એવી હાક પડી ગઇ છે કે દરેક વાક્યની શરૂઆત પોતાના 'મહારાજ'ના પરાક્રમ - તેમની કૃપા અને તેમને કારણે જ આ 'વિકાસ' થઇ રહ્યો છે એવું તો બોલવું પડે!

રાજનીતિમાં પોતાનો રાજા ગમે તેનું ગમે તેટલું શોષણ, એક્કાઉન્ટર કરાવે, કોઇની ટોપી કોઇને માથે પહેરાવે, કેન્દ્રીય ગ્રાંટનો મેળા-ઉત્સવમાં કડદો કરે છતાં એનાં 'કાર્યો' જ કહેવાં પડે ભલે એકલાંને જ યશ મળે પણ 'સૌનો સાથ' બોલવું જ પડે! - વિરોધ પક્ષને દુઃખ-ગ્લાનિ-થાય એવું જૂઠું બોલવું પડે અને પોતાના પક્ષના રાજાનો પોતાને પૂર્ણ પરિચય હોવા છતાં તેની માત્રને માત્ર પ્રશંસા જ કરવી પડે. જો જીભ કતરાઇ તો પ્રધાનપદ વેતરાઇ જ જાય.

સુવિચાર

- તમે જીવન કરતાં મૃત્યુનો વિચાર વધુ કરો છો, જીવનમાં શું શું થઇ શકે તેનાં કરતાં મૃત્યુ પછી શું થશે એમાં તમને વધારે રસ છે, જેને જીવનમાં રસ લીધો હોય તેને માટે મૃત્યુ પ્રશ્નરૂપ હોતું જ નથી **- જે. કૃષ્ણમૂર્તિ**
- જેમ જીજીવિષા સ્વાભાવિક છે તેમ મૃત્યુ પણ એટલું જ સ્વાભાવિક છે **- ભભાભાઇ પટેલ**
- આયા હૈય સો જાગેગા રાજા રંક ફકીર । કોઇ સિંહાસન ચઢ ચલે કોઇ બાંધ જંજીર ॥ **- કબીર**
- મૃત્યુ કોઇને પણ સમેટવાનો પણ સમય આપતું નથી, મૃત્યુ તમારા દરવાજા પર નિરંતર ઉભું જ છે એનો ખ્યાલ રહે તો બાકી બધું સરળ થઇ જાય છે **- વિમલા ઠાકર**
- જેનો જન્મ એનું મૃત્યુ નિશ્ચિત જ છે, મૃત્યુને સતત સ્મરણમાં રાખી જીવશો તો પાપ-ખોટાં કાર્યો કરતાં જરૂર ખચકાશો **- પોઝો**
- આ સંસારના સર્વ પદાર્થ ક્ષણિક છે એવું સમજી તેનો ત્યાગ કરી નિર્વાણ પદની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરો **- બુદ્ધ**

બોધકથા

આજે તો આપણા નેતાશ્રીઓ, પ્રધાનશ્રીઓ અને અધિકારીશ્રીઓની એક જ ભાવના છે કે 'દેશ મરો - પ્રજા મરો પણ પોતાનું ઘભાણું ભરો' રાષ્ટ્રનું જે થાય તે ભંગાર તોપો-હેલિકોપ્ટર અને વિદેશી સમાન કમિશન ખાઇને ખરીદો - આપણું પેટ ભરો, રાષ્ટ્રનું હિત તો જોવાતું જ નથી.

અમેરિકાના અતિશય ધનવાન ગણાતા રોકફેલરની તેલની કંપની હતી. જ્યારે તેલ તૈયાર ડબ્બામાં ભરાતું હતું ત્યારે આડત્રીસ ઔંસના માપ સુધી ભરાઇ જ જતું હતુ પણ ત્યારે ૩૯ ઓગણ ચાલીસ ઔંસ ભરવાની સૂચના હતી.

રોકફેલરે તરત જ નિયમ બદલાવી હવે આડત્રીસ ઔંસના માપે તેલ ભરવું એવું ઠરાવ્યું, અને એનો અમલ શરૂ થયો.

વર્ષનાં અંતે જ્યારે સરવૈયું થયું ત્યારે સાચો આંક અને નફાની ખબર પડી કે આવી નાની બરાતથી કંપનીને વર્ષે સાડા સાત લાખ ડોલરની વધારાની આવક થઇ હતી.

રાષ્ટ્રને પોતાની અંગત કંપનીને તેનો વિકાસ થાય એવી ભાવના નેતૃત્વની હોવી જોઇએ, પણ આપણા પ્રધાનશ્રીઓ તો રાષ્ટ્રને અંગત માલિકીની તિજોરી જ સમજે છે!!

દેશને નૂકશાન પહોંચાડીને, પ્રજા મરો, સરકાર મરો પણ પોતાનું તરભાણું ભરો..!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

સાહિત્ય સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભા દર મહિનાનાં બીજા રવિવારે સાંજના ૫-૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧ ખાતે નિયમિત મળે છે; તેમાં શાળા / કોલેજના વિદ્યાર્થીઓ અને સાહિત્ય સર્જન પ્રવૃત્તિમાં રસ લેતા અને ભાગ લેતા સર્વે કોઇ ભાવકોને ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ છે.

● વર્તમાન સમાજમાં વિકૃતિઓનો વ્યાપ વધી રહ્યો છે અને માનવ સહજ મૂલ્યોનું ધોવાણ થઇ રહ્યું છે, તે પુનઃ સ્થાપિત થાય તેવું પ્રેરણાત્મક અને મનોરંજકનું નહીં, પરંતુ મનોમંથનનું હોય તેવું સાહિત્યસર્જન કરવા કલમ ચલાવવાનું મંતવ્ય ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી દોલતભાઇ ભટ્ટે વ્યક્ત કર્યું હતું.

● ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા ગાંધીનગરના સાહિત્યકારો

(૧) શ્રી બી.કેશરશિવમ્‌ને શ્રી ઇબ્રાહીમ મહમ્મદ સરવૈયા એવોર્ડ તેમજ,

(૨) શ્રી ભી. ન. વણકરને શ્રીમતી લીલાવતી ચીમનલાલ મહેતા એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

તે બદલ અભિનંદન.

● માતૃભાષા સંવર્ધન કેન્દ્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા "માતૃભાષા પ્રબોધ" ત્રિમાસિક પત્રિકા પ્રગટ થઇ રહેલ છે. જેનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦/- છે. જે માટે ગુજરાતી સાહિત્ય પરિષદનો સંપર્ક સાધવો.

● 'ધરતીનું ધન' - લેખક દોલત ભટ્ટના પુસ્તકને 'મહારાષ્ટ્ર' પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા, ધોરણ-૯ ના પાઠ્યક્રમમાં સમાવેલ છે, જેનું નામ 'કુદરતનો ખજાનો' આપેલ છે.

કથા સેતુ

લઘુકથા - મધ

મારા મકાનની પાછળ કાંટા વાડ્ય હતી. તેમાં ઘણા બધા વેલા અને છોડ ઉગ્યા હતા. થોડાક દિવસોથી દરરોજ વહેલી સવારે એક સાતેક વર્ષની છોકરી અને ચાર વરસનો છોકરો બંને આવે અને છોડવામાંથી થોડાંક પાન તોડીને ઝૂંપડપટ્ટી તરફ જતાં રહે.

વહેલી સવારનું આ દૃશ્ય કેટલાય દિવસથી હું જોયા કરતો. છોકરીએ ક્યારેક માથું ઓળવું હોય કે ન હોય, પરંતુ છોકરાએ તો દરરોજ તેના લાંબા વાંકડિયા વાળ ઓળાવેલા વ્યવસ્થિત જ હોય અને ચડ્ડી બુશર્ટ પણ ધોયેલા જ હોય. કદાચ આ છોકરી જ તેના ભાઇને તૈયાર કરી દેતી હશે.

હું પૂજા કરવા બેસું એટલે મને આ છોકરી મારી દીકરી લાગવા માંડે અને પેલો છોકરો કનૈયો દેખાય. આ પછી હું એક દિવસ મકાનની પાછળ ગયો. તે બન્ને મને જોઇને હેતભાઇ ગયા.

મેં પૂછ્યું : "આ શેનાં પાન થોડો છો?"

છોકરી બોલી : "અરડૂસીના છે સાહેબ."

"પરંતુ પાન દરરોજ તોડશો તો આ છોડવા મૂરઝાઇ જશે."

"ના સાહેબ, એવું ના બને! મારી માએ કહ્યું છે કે જેમ અરડૂસીના પાન દવા માટે તોડતા રહીએ, તેમ બીજા નવા પાન ફૂટતાં જ રહે છે."

"શા માટે લઇ જાવ છો?" છોકરી એ જવાબ દીધો : "સાહેબ મારી માને ઉધરસ અને શ્વાસ ચડે છે એટલે આ પાનનો રસ મધમાં પાઇએ છીએ. દાકતરે દેશી દવા કરવાનું કહ્યું છે."

આ સાંભળી, મારા ઘરમાં મધ હતું તે ઘડીભર મને મધની બોટલ આપવાનું મન થઇ ગયું. પરંતુ મેં કાલ ઉપર મુલતવી રાખ્યું.

એકાદ દિવસ પછી, મેં તે બન્ને ને જોયા નહીં. ત્રણ-ચાર દિવસ પછી તપાસ કરાવી તો ખબર પડી કે, ઝૂંપડપટ્ટીમાં બે સંતાન મૂકીને એક બાઇ ગુજરી ગઇ છે. પૈસા નહોતા એટલે ડોકટરે ઇન્જે - સારવાર બંધ કરી હતી અને છેલ્લે છેલ્લે ઘરમાં મધ નહોતું એટલે એકલો અરડૂસીનો રસ પીધી હતી.

મેં મધની બોટલ સામે જોયા કર્યું. અસંખ્ય કીડીઓ તેમાં પડીને મરી ગઇ હતી. મને લાગ્યું કે જાણે - કોઇના ઉપયોગ વિનાનું, પડ્યું પડ્યું મધ, કડવું ઝેર બની ગયું છે!

- ભરત પાઠક 'નયન'

શબ્દ સેતુ

- નટવર હેડાઉ
- મૂળજીભાઇ પરમાર 'દધિ'

કાવ્ય સેતુ

ઇરાદાઓ બદલવાનું નથી
બનતું પછી તો શું?
નજર સામે છે સારૂં પણ નથી
ગમતું, પછી તો શું?
અસલિયત પ્રેમની શુધ્ધિ -
નિખાલસતા - વફાદારી,
પરસ્પર ડંખ રાખે, ઘર નથી
ટકતું, પછી તો શું?

આંખો બતાવી કો'કને
પહોંચ્યા ઉપર જરૂર
અંદર મિંચાતી આંખ પર,
ખુદમાં ડર્યા કરે,
કહેવું છતાંય કોઇનું,
કાને નથી ધર્યું,
ઠોકર પછીના ફાયદા,
આખર ગણ્યા કરે.

- ડાહ્યાભાઇ બી. પટેલ (નીરવ)

શેરબજારોમાં હવે તો
શેર જેવું કાંઇ નથી,
આ બધા રોકાણકારોને
લે'ર જેવું કાંઇ નથી.
કેટલાકલોકો હજુ
ઊઠાં ભણાવ્યે જાય છે
લ્યો તમે સમજો હજુ તો
દેર જેવું કાંઇ નથી.

- મહેન્દ્રભાઇ રાઠોડ

ઉદ્દેશ્ય જીવનનો પામવાને,
રમકડાં મળી ગયાં,
એકતા પ્રાણીમાત્રનું માણવાને,
રમકડાં મળી ગયાં.
ભાથું સત્સંગનું બાંધવાને,
રમકડાં મળી ગયાં,
ભાવ ભક્તિનો સાધવાને,
રમકડાં મળી ગયાં.

- સુમંતભાઇ શાહ

ન દોસ્તી વાઘ સાથે,
તોય બન્યો તું ક્રૂર...
કરી દોસ્તી કૂતરા હારે,
ન આવ્યું વફાદારી નૂર...
ઓલવી દીવો બીજાનો,
કરી દે તું અંધારું...
મારી ફૂંક કાનમાં ઝેરી,
કરી દે કુટુંબ નોંધારૂં...

- રમણલાલ શ્રીમાળી

કોઇ ઘા કરી ગયા છે,
મને ખ્યાલ પણ નથી,
ખુદના ફરી ગયા છે,
મને ખ્યાલ પણ નથી.
વિશ્વાસ ને ભરોસા
કરું કોના કેટલા?
સહુ છેતરી ગયા છે,
મને ખ્યાલ પણ નથી.

- ભરત કવિ 'ઉર્મિલ'

સાહિત્ય એ એક એવું અણીદાર ઓજાર છે કે એ અવાવરું કૂવામાં પાણીનો ફુવારો હાજર કરી દે છે

ગાગરમાં સાગર
સાહિત્યના પ્રકારો કેટલા?

- પી.એમ. પરમાર (દર્શન)

આનંદ શબ્દનો કોઈ વિરોધી શબ્દ નથી. આનું મુખ્ય પ્રમુખ કારણ એ છે કે આનંદ અંતરના ઊંડાણમાંથી પ્રગટ થાય છે. સો વર્ષ પુરાણો ઊંડો કૂવો હોય તો પણ તેના ઝરણને કારણે પાણી ખૂટતું જ નથી. તમે જેટલું પાણી વાપરતા જાવ અટલું નવું આવતું જ જાય. બસ ફુદરતે આવો જ એક સ્નેહનો કૂવો દરેક જીવના હૃદયમાં મૂકેલો છે. તમે આનંદમાં રહો તો આનંદ ખૂટતો જ નથી. પણ કેટલાક તો ઊંડા અવાવરૂં કૂવા જેવા સૂકા ભઠ્ઠ હોય છે.

કોઈ રણમાં ઠોકર તો મારી જુઓ;

છે સંભવ કે મીઠું ઝરણ નીકળે.

સાહિત્ય એ એક એવું અણીદાર ઓજાર છે કે એ અવાવરું કૂવામાં પાણીનો ફુવારો હાજર કરી દે છે. સાહિત્યની એક વ્યાખ્ય એટલે જ કંઈક આવી છે.:

આનંદેન સંયુજ્યે તે ઈતિ સાહિત્યમ્ - આ વ્યાખ્યાને ગાંધીનગર સાહિત્ય સભાએ ખૂબ આદર પૂર્વક : સકારણ, હેતુપૂર્વક પોતાના મુખપત્ર "શબ્દ સુધા" - ના મથાળે 'લોગો'- તરીકે સ્થાન આપી સાહિત્યનો આદર કરી સન્માન બક્ષ્યું છે. માણસની સાચી દોલત જ આ આનંદ છે જે સાહિત્યમાં પ્રગટે છે. યોગાનું યોગ પણ કેવો જબરો જામ્યો છે! ગાંધીનગર સાહિત્ય સભાના પ્રર્વતમાન પ્રમુખ પણ શ્રી દોલત ભટ્ટ છે... સોનામાં સુગંધ તે આનું નામ.

"શબ્દ સુધા" - ગાંધીનગર સાહિત્ય સભાનું મુખપત્ર છે તો ગાંધીનગર સમાચારનો 'શબ્દ સેતુ' વિભાગએ અખબારનું ઉત્તમ આભૂષણ છે. શબ્દ સેતુમાં આથી જ આપણે આનંદ મેળવવા શબ્દોની રમઝટ અવાર - નવાર બોલાવશું. આજે આપણે શરૂઆત સાહિત્યના પ્રકાર કેટલા? એવા સામાન્ય પ્રશ્નથી કરીએ પણ જવાબ સાંભળશો તો એ અસામાન્ય લાગે તેવો છે કારણ કે અક્ષરથી શરૂ થતી આરાધના શબ્દ બને છે. શબ્દનું આવર્તન વાક્યનું કલેવર ધરી લે છે. વાક્યોનો સમૂહ એ જ આપણો પ્રકારો છે તેવા જ પ્રકારો સાહિત્યના છે. જેનો કોઈ અંત નથી. પરંતુ શબ્દ સેતુના વાચકો સમક્ષ મુખ્ય મુખ્ય પ્રકારો રજૂ કરવા છે પછી ક્રમશઃ દરેક પ્રકારની સુંદર વાતો રજૂ કરીશું જે આનંદનો કોઈ વિકલ્પ નથી. આવો... જાણીએ... સાહિત્યના મુખ્ય મુખ્ય પ્રકારો.

સાહિત્યના મુખ્ય મુખ્ય પ્રકારો :

		યાત્રા લેખન	ભજન
		પ્રવાસ વર્ણન	મહાકાવ્ય
ગદ્ય	પદ્ય	પ્રબંધ	મરસિયા
અહેવાલ	આરતી	પંચાંગ	મુક્તક
આત્મકથા	કવિતા	ફોટો સ્ટોરી	રાસ
એકાંકી	ખંડકાવ્ય	બોધકથા	લોકગીત
કટાર લેખ	ગઝલ	મહાનવલ	શતક
જર્નલ	ગરબો	મહાનિબંધ	શ્લોક
જીવન ચરિત્ર	ગરબી	રોજનીશી (ડાયરી)	શાયરી
ટીકા	ગદ્ય કાવ્ય	રેખા ચિત્ર	સાખી
ટૂંકી વાર્તા	ગીત	લેખ	સંપાદન
(લગ્નગીત, શોર્યગીત વગેરે)		લઘુલેખ	સ્તુતિ
નવલિકા	ચાલીસા	વિવેચન	સોરઠા
નવલકથા	ચોપાઈ	વ્યાખ્યાનો	સુભાષિત
નાટક	છંદ - છપ્પા	વાર્તા	સોનેટ
		સંસ્મરણો	સ્તોત્ર
નિબંધ	દોહા	સંશોધન	હઝલ
નિબંધિકા	પદ	સંપાદન	હાઈકું
પત્ર લેખન	પ્રાર્થના	હાસ્ય લેખ	હાલરડું

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૯મી મે
દોડશક્તિની પ્રેરણાસ્રોત પી.ટી. ઉષાની ૧૯મીએ જન્મદિન

● પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ વિનર દોડશક્તિની પ્રેરણાસ્રોત પી.ટી.ઉષાની આજે જન્મ જન્મદિન.

રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે સુવર્ણચંદ્રકો મેળવીને નવા જ વિક્રમો પ્રસ્થાપિત કરનાર પી.ટી.ઉષા કહે છે.

● સતત પરિશ્રમથી માનવી પોતાની ધારેલી મંઝીલે સરળતાથી પહોંચી શકે છે.'

જમશેદજી તાતાનું અવસાન

૧૯-૫-૧૯૦૪ માં ભારતના આધુનિક ઉદ્યોગોના પ્રણેતા જમદેશજી તાતાનું અવસાન થયું. મુંબઇની રોનક વધારવા અથાગ પ્રયાસો કર્યા.

● આજે સંત પુનિત મહારાજનો જન્મ - ૧૮૦૫. ઇંગ્લેન્ડના મહાન પુરૂષ ગ્લેડસ્ટન (૧૯૦૪) અને પ્રસિધ્ધ ઇતિહાસકાર જદુનાથ સરકારનું (૧૯૫૮) અવસાન થયું હતું.

મુંબઇ જમીન મહેસૂલ (ગુજરાત) અધિનિયમ ૨૦૧૦ ની સરળ સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

હાલમાં ગુજરાત સરકારે તમામ રેવેન્યુ રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન કરેલ છે. આ પહેલા ખેડૂતોની જમીન લગતા પત્રકો, જેવા કે ૬ હક્કપત્રક, જે ફેરફાર થયેલી માલિકી, વારસાઇ, બોજાની વિગતો દર્શાવે છે. તે તેમજ ૭ x ૧૨ના ઉતારા જમીનના માપવર્ણનની વિગત વગેરે તલાટી પાસેથી ગામમાં જ મળતા પણ તેમાં એકચક્રી શાસન તેમજ ભ્રષ્ટાચારનું પ્રમાણ વધારે જણાતા સ્વસ્થ, સત્ય અને ઝડપી અમલ માટે ઇ-ધારા કેન્દ્રો કાર્યરત કરેલ છે. જેમાં હક્કપત્રક ગામ અથવા સીટી સરવે વિસ્તાર માટે ઠરાવવામાં આવેલ જેમાં હાથે બનાવેલ અગર તો ઇલેક્ટ્રીકલી સ્વરૂપે જાળવવામાં આવે છે.

સદરહુ પત્રકમાં ખેડૂતો, ખાતેદારો, માલિકો અથવા ગીરો રાખનારા હોય તેમના નામ લખવામાં આવે છે.

જમીન લગતા વ્યક્તિનો પોતાનો કેવો અને કેટલો હિત સંબંધ (ભાગ) છે તેમજ કઇ શરતો આધિન છે. અગર તો કેટલી, જવાબદારી આધિન છે. તેની વિગતો લખવામાં આવે છે.

જમીન લાગત નક્કી કરેલ જમીન મહેસૂલ અથવા ગણોત ચુકવવા પાત્ર હોય તેની વિગતો અકારવામાં આવે છે.

કોઇ વ્યક્તિનો ગણોત હક્ક જમીનમાં સમાયેલ હોય તો તેની વિગતો પણ સહી કરવામાં આવે છે.

જમીનની તબદીલી જેવી કે ઉત્તરાધિકાર, વારસાઇ હક્કે, અનુજીવિકત્વ, વારસા, વહેંચણી, ખરીદી, ગીરો, બક્ષિસ, પટાની રૂએ, જમીન ધારણ કરનાર માલિક, ગીરો રાખનાર તરીકે અથવા તો ગણોતના નામફેર કરી લેનાર વ્યક્તિ તરીકે જમીન ઉપર હક્ક, સંપાદક કરે તે વ્યક્તિ એ કેવી રીતે હક્ક સંપાદન કોની પાસેથી કેટલા અપેજમાં કરેલ છે. તેની ટૂંકી વિગત ૬ પત્રકે - નોંધાવામાં આવે છે. આવા ફેરફાર કરતાં પહેલાં ઇ - ધારા મામલતદાર જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૩૫ ડી મુજબ ની ફેરફાર નોટીસ સંબંધકર્તા, અસરકર્તા પક્ષકારને રજીસ્ટ્રર પોસ્ટ એડીથી બજાવે છે જેમાં હિત હક્ક ચડાવતા વ્યક્તિને વાંધો તકરાર હોય તો આ અધિનિયમની કલમ ૧૦૮ (૫) અન્વયે મહેસૂલી તકરાર મામલતદારશ્રી સમક્ષ રજુ કરી પુરાવા રજુ કરેથી યોગ્ય હુકમ જે તે પક્ષકારના તરફેણમાં કરવામાં આવે છે આવા વાંધા ફેરફાર થવાના દિન ૩૦ માં રજૂ કરવા જોઇએ.

પરંતુ વાંધા રજુ કરવામાં કસૂર થાય અને જે તે તબદીલની નોંધ મંજૂર થાય ત્યારબાદ પ્રાંત અધિકારી શ્રી સમક્ષ અપીલ / રીવીઝન કરી દાદ મેળવી શકાય છે.

ગ્રાહિત વ્યક્તિને હિત ધરાવતા હોય તેવા જમીનના ઉતારા, રેકર્ડ, વિગેરે યોગ્ય ફોર્મમાં અરજી કરેથી ફી ભરપાઇ થયેથી ઇ-ધારા કેન્દ્ર ઉપરથી અરજદારને યોગ્ય સમય મર્યાદામાં પુરી પાડવામાં આવે છે. તેમજ આવી નકલો પુરી પાડવામાં તંત્ર નિરર્થક હોય તો તેના કારણોની જાણ પક્ષકારને કરવામાં આવે છે.

જમીનમાં થતાં સંપૂર્ણ ફેરફારનું પત્રક એટલે કે ૬ હક્ક પત્રકની નોંધો જે સર્કલ અધિકારી પુરાવા ધ્યાને લઇ પ્રમાણિત કરે છે. તકરાર આધિન નોંધો મામલતદારશ્રી તકરાર સાંભળી યોગ્ય હુકમથી અસર આપે છે. હુકમથી નારાજ પક્ષકાર ઉચ્ચ સત્તાધિકાર પાસે જણાવેલ સમય મર્યાદામાં અપીલ કરી વ્યાપ મેળવી શકે છે.

ઇ-ધારા કેન્દ્ર ઉપર કયા ફેરફાર કટેલા સમયમાં કરવામાં આવશે. શું પુરાવાની જરૂર પડશે, કોને ઉદ્દેશીને આજ કરવાની આજની મુકરર ફી, વિગેરેની વિગતો દર્શાવતું પત્રક, જાહેર સૂચના લખીને જાહેર પ્રકાશિત કરવામાં આવે છે. ઇ-ધારાની સુવિધાથી ખેડૂતોના ૯૦ % પ્રશ્નોનો હક્ક સરળતાથી, સભ્યતાથી અને ઝડપી આવે છે. જે ખેડૂતો જમીન માલિકો માટેના ગુજરાત સરકારના પ્રયાસોથી નવીન સુધારા વધારાથી આશીર્વાદ સમાન બનેલ છે. પરંતુ માણસ માત્ર ભૂલને પાત્ર એ ન્યાયે જમીનનું રેકર્ડ સમયાંતરે તપાસી ભૂલ હોય તો સક્ષમ અધિકારીનું ધ્યાન દોરવું એ જાગૃત નાગરિક તરીકેની દરેકની પવિત્ર ફરજ છે.